
# 17 પથ્થર થરથર ધ્રૂજે



**નિરંજન ભગત**
**(જન્મ : ઈ.સ. 1926)**

નિરંજન નરહરિ ભગત અમદાવાદના વતની છે. વ્યવસાયે તેઓ અધ્યાપક હતા. હાલ અમદાવાદમાં નિવૃત્ત જીવન ગાળે છે. ગુજરાતી અને અંગ્રેજી ભાષાસાહિત્યના આ વિદ્વાન સર્જક સ્વાતંત્ર્યોત્તરકાળના મોટા કવિ છે. 'છંદોલય', 'કિન્નરી', 'અલ્પવિરામ', '33 કાવ્યો' વગેરે સંગ્રહો દ્વારા પ્રગટ થયેલાં તેમનાં બધાં કાવ્યો 'છંદોલય બૃહત્' ગ્રંથમાં સંગ્રહાયાં છે. 'પ્રવાલદ્વીપ'નાં કાવ્યો દ્વારા નગરજીવનની પશ્ચાદ્ભૂમિકામાં આધુનિક માનવીની સંવેદનાને ગુજરાતી કવિતામાં સૌ પ્રથમ તેમણે પ્રગટ કરી છે. માનવતાપ્રેમી આ કવિએ ગુજરાતી તેમજ અંગ્રેજી સાહિત્ય વિશે અભ્યાસપૂર્ણ વિવેચનકાર્ય પણ કર્યું છે.

આ ગીતમાં કવિએ આ દુનિયાના ન્યાય તોળનારા કહેવાતા 'ડાહ્યા' જનોનો જાણે માર્મિક ભાષામાં ન્યાય તોળ્યો છે! પથ્થર જેવું કઠોર તત્ત્વ પણ જ્યાં ધ્રૂજી ઊઠે ત્યાં માણસ કલ્લોલે-કૂજે એ તે કેવું? અનેક નાનાંમોટાં પાપ કરનારા માણસો અન્ય પાપીને માટે 'તેને પથ્થર મારીને મારી નાખો' – એવો ન્યાય તોળે અને તે પણ નિરાંતે, ઠંડે કલેજે – એ તે કેવું ? પણ એક ઓલિયો જેને હસીને જ બોલવાની ટેવ – (કવિએ આડકતરી રીતે અહીં સંતની વ્યાખ્યા આપી છે કે સંત તે જે હસીને બોલતા હોય અર્થાત્ જે નિત્ય સ્વસ્થ, શાંત અને આનંદમગ્ન હોય.) – તેણે લોકોની ન્યાયપદ્ધતિનો ભોગ બનનારી દુર્ભાગી અબળાને દક્ષતાથી ઉગારી લીધી અને કવિએ તે ઓલિયાનું, ઈસુ ખ્રિસ્તનું વચન પોતાની કવિતામાં ગોઠવ્યું કે 'જેણે પાપ કર્યું ના એકે, તે પથ્થર પહેલો ફેંકે!' આ પંક્તિ આંતરખોજની પ્રેરણા આપે છે.

---

પથ્થર થરથર ધ્રૂજે!
હાથ હરખથી જુઠ્ઠા ને જડ, પથ્થરની ત્યાં કોણ વેદના બૂઝે?
પથ્થર થરથર ધ્રૂજે!
અનાચાર આચરનારી કો અબળા પર, ભાગોળે,
એક ગામના ડાહ્યાજન સૌ ન્યાય નિરાંતે તોળેઃ
'આ કુલટાને પથ્થર મારી, મારી નાખો!' એમ કિલોલે કૂજે!
એક આદમી સાવ ઓલિયો વહી રહ્યો'તો વાટે,
સુણી ચુકાદો ચમક્યો, થંભ્યો, ઉરના કોઈ ઉચાટે;
હાથ અને પથ્થર બંનેને જોઈ એનું દિલ દયાથી દૂઝે!
આ દુનિયાના શાણાઓ ના દુનિયાદારી જાણે,
ટોળા પર ત્યાં એમ હસીને બોલ્યા ટેવ પ્રમાણેઃ
'જેણે પાપ કર્યું ના એકે
તે પથ્થર પહેલો ફેંકે!'
એકે-એકે અલોપ પેલા સજ્જન, જ્યારે શું કરવું ના સૂઝે!
અબળા રહી ને રહ્યો ઓલિયો, એનું કવિજન ગીત હજીયે ગુંજે!

(''છંદોલય બૃહત્''માંથી)

## શબ્દ-સમજૂતી

**કિલોલે કૂજે** કલ્લોલથી ગાય, આનંદથી ગાય (અહીં) હિંસક આનંદથી દેકારો કરે; **વહી રહ્યો'તો** પસાર થઈ રહ્યો હતો; **ઉચાટ** ચિંતા; **દૂઝે** ઝમે, ટપકે; **અલોપ** અદૃશ્ય થયા (અહીં) ચાલ્યા ગયા.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ગામની ભાગોળે લોકો શા માટે એકઠાં થયાં હતાં?

(2) ગામના સજ્જનોએ શો ન્યાય કર્યો?

(3) ઓલિયાનો ન્યાય તમે કેવો કહેશો? **અથવા**

લોકો શા માટે નાસી ગયા?

(4) કવિનો હાથ શાથી કંપન અનુભવે છે?

(5) ઓલિયો આદમી શા માટે થંભી ગયો?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઓલિયાએ ગ્રામજનોને શું કહ્યું? તેનું શું પરિણામ આવ્યું?

(2) ઓલિયાનો 'સાચો ન્યાય' શાથી ગણી શકાય?

(3) ઓલિયાની માનવતા (ઈન્સાનિયત) વિશે લખો.

**3. નીચેના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર લખો :**

(1) 'પથ્થર થરથર ધ્રૂજે' – કાવ્યનું શીર્ષક ચર્ચો.

(2) 'પથ્થર થરથર ધ્રૂજે' કાવ્યમાં શો જીવનસંદેશ પ્રગટે છે તે જણાવો.

(3) સમજાવો :

પથ્થર થરથર ધ્રૂજે,
હાથ હરખથી જુઠ્ઠા ને જડ,
પથ્થરની ત્યાં કોણ વેદના બૂઝે!

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- આ ગીતને કંઠસ્થ કરો.
- રામાયણમાંથી અહલ્યાના જીવન વિશે જાણો.
- 'ઈસુ ખ્રિસ્ત' વિશે તમારા શિક્ષક પાસેથી માહિતી મેળવો.

## ભાષા-અભિવ્યક્તિ

'પથ્થર થરથર ધ્રૂજે' પંક્તિ સજીવારોપણ અલંકાર તો છે જ, સાથે 'પથ્થરની કોણ વેદના બૂઝે ?' પ્રશ્ન – કાવ્યમાંથી પસાર થતાં આપણને વિચારતાં કરી મૂકે છે.

કાવ્યની પંક્તિમાં બૂઝે, ધ્રૂજે, ભાગોળે, તોળે, કૂજે, વાટે, ઉચાટે, દૂઝે, જાણે, પ્રમાણે વગેરે શબ્દો અંત્યાનુપ્રાસ અલંકાર બની કાવ્યના લયને સહજ બનાવે છે.

'પથ્થર મારી, મારી નાખો' પંક્તિમાં મારી-'મારવું' અને મારી-'મૃત્યુ' એ અર્થો વચ્ચે અલ્પવિરામથી અર્થભેદ સહજ રીતે પામી શકાય છે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- 'છંદોલય' કાવ્યસંગ્રહ મેળવી અન્ય કાવ્ય આસ્વાદ કરાવો.
- 'સ્ત્રી : અબળા કે સબળા' વિષય પર વક્તૃત્વ કાર્યક્રમ યોજો.
- સામાજિક અવ્યવસ્થા વિશે વર્ગમાં ચર્ચા કરો.

મારી નાની-મોટી નિર્બળતાઓ જોઈ હું હતાશ નહિ બનું. બીજાઓ કરતાં ચડિયાતી શક્તિ જોઈ ગર્વ નહિ કરું. મારી નિર્બળતાને દૂર કરવા પ્રયત્નશીલ રહીશ. સુખના દિવસોમાં મારી પોતાની જ આસપાસ સ્વાર્થની દીવાલ નહિ ચણું. જગત મને જે કંઈ આપે તે કૃતજ્ઞભાવે ગ્રહણ કરીશ અને સાંજે મારી જાતને પૂછીશ : 'આજે તેં કોઈને આનંદનો કણ આપ્યો છે કે નહિ ?'

(નંદીગ્રામ)

**– મકરંદ દવે**

•